‘ઈસરો’ને ગગનયાન મિશનની તૈયારીમાં મળી બીજી મોટી સફળતા

સીઈ ૨૦ ક્રાયોજેનિક એન્જિન હ્યુમન રેટિંગમાં પાસ

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ને ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ મિશન પછી ગગનયાન મિશનની તૈયારીમાં બીજી મોટી સફળતા મળી છે. ભારતીય સ્પેસ એજન્સીએ જાણકારી આપી છે કે ક્રાયોજેનિક એન્જિનનું પરીક્ષણ આજે પૂર્ણ થઈ ગયું છે. સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ છે. નોંધનીય છે કે ઈસરો આ મિશન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ભ્રમણકક્ષામાં મોકલવાની મોકલવાની તૈયારી કરી રહ્યું છે.

આ અંગેની જાણકારી આપતા ઈસરોએ જણાવ્યું હતું કે સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ છે. વધુમાં કહ્યું હતું કે, કઠોર પરીક્ષણ પછી, એન્જિનની કાર્યક્ષમતા જાહેર કરવામાં આવી છે. આ એન્જિન એલવીએમ૩ વાહનના અપર સ્ટેજને તાકાત આપશે. ઈસરોના

માનવરહિત મિશન (જી-૧) ૨૦૨૪ના બીજા ક્વાર્ટરમાં પૂર્ણ થઈ શકે છે

જણાવ્યાનુસાર, સીઈ૨૦ એન્જિનને હ્યુમન રેટેડ ધોરણો હેઠળ યોગ્ય બનાવવા માટે, ચાર એન્જિનને અલગ-અલગ પરિસ્થિતિઓમાં ૩૯ હોટ ફાયરિંગ ટેસ્ટમાંથી પસાર થવું પડ્યું હતું. આ પ્રક્રિયા ૮ હજાર ૮૧૦ સેકન્ડ સુધી ચાલી હતી. ખાસ વાત એ છે કે યોગ્યતા હાંસલ કરવા માટે એન્જિનને ૬ હજાર ૩૫૦ સેકન્ડ સુધી આ પરીક્ષણોમાંથી પસાર થવું પડે છે.

ઈસરોએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રથમ માનવરહિત ગગનયાન મિશન (S1) ૨૦૨૪ના બીજા ક્વાર્ટરમાં પૂર્ણ થઈ શકે છે.

ઈસરો ગગનયાન મિશન હેઠળ ત્રણ સભ્યોના ક્રૂને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણકક્ષામાં મોકલવાની તૈયારી કરી રહ્યું છે. આ સાથે ભારતીય જળસીમામાં તેમનું સુરક્ષિત ઉતરાણ પણ ઈસરોના મિશનનો એક ભાગ છે. આ મિશનનું નામ સંસ્કૃત શબ્દ પરથી રાખવામાં આવ્યું છે, જેનો અર્થ આકાશ સુધી લઈ જનાર વાહન થાય છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ગગનયાન પ્રોજેક્ટ પર ૯૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. જો ભારતીય સ્પેસ એજન્સી આ મિશનમાં સફળ થશે તો ભારત અવકાશમાં માનવ મોકલનાર ચોથો દેશ બની જશે. આ પહેલા સોવિયત સંઘ, અમેરિકા અને ચીન આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

હવે લોકોને અહીં સવાલ થતો હશે કે હ્યુમન રેટિંગ શું છે? તો સરળ ભાષામાં સમજીએ તો અંતરિક્ષમાં મોકલવામાં કોઈ સ્પેસક્રાફ્ટ કે લૉન્ચ વ્હિકલ માણસોને લઈ જવા અને પાછા લાવવા માટે કેટલા સુરક્ષિત છે તેનું પરીક્ષણ કરાય છે. આ પરીક્ષણ પછી હ્યુમન રેટિંગ, મેન રેટિંગ કે ક્રૂ રેટિંગ સર્ટિફિકેટ અપાય છે.

ઈસરો આ મિશન દ્વારા પ્રથમવાર ભારતીય અવકાશયાત્રીઓને ભ્રમણકક્ષામાં મોકલવાની તૈયારી કરી રહ્યુ છે

ભારતની સત્તાવાર મુલાકાતે આવેલા ગ્રીકના વડાપ્રધાન કીરીઆકોસ મિટસોટાકિસ અને તેમની પત્ની મારેવા ગ્રાબોવસ્કી મિટ્સોટાકિના નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા લેટસ સેરીમોનિયલ રીસેપ્શન દરમિયાન ઉપસ્થિત ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની સાથે નજરે પડે છે.

જમ્મુ-કાશ્મીર ખીણ અને હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી હોવાથી સમગ્ર ઉત્તર ભારતમાં ફરીથી ઠંડીનું જોર વધ્યું છે. હિમાચલમાં બરફવર્ષાના કારણે ૩૫૦થી વધુ રસ્તા અને ૪૫૦થી વધુ વીજ ટ્રાન્સફોર્મર ઠપ થઈ ગયા છે. લાહોલ સ્થિતિમાં શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ થઈ ગયો છે. તસ્વીરમાં બારામુલ્લા જિલ્લામાં આવેલા હિલ સ્ટેશન ગુલમર્ગના સ્કી રીસોટ પર ચારેકોર બરફ પથરાયેલો નજરે પડે છે.

શ્રીનગર સહિતના વિસ્તારોમાં વરસાદ

કાશ્મીર ખીણ અને લદ્દાખમાં થઈ રહેલી ભારે બરફવર્ષા

જમ્મુ-કાશ્મીર, તા.૨૧

દેશના સ્વર્ગ ગણાતા એવા જમ્મુ કાશ્મીરમાં હાલ વિચિત્ર ઋતુ જોવા મળી રહી છે.. જમ્મુ કાશ્મીરના પહાડી વિસ્તારોમાં બરફ વર્ષા થઈ રહી છે જ્યારે શ્રીનગર સહિતના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. બરફ વર્ષા અને વરસાદના કારણે હાલ જમ્મુ કાશ્મીરના અનેક ભાગોમાં વાતાવરણનો વિચિત્ર અનુભવ થઈ રહ્યો છે.

જમ્મુ કાશ્મીરના ખારીના આ દ્રશ્યો છે. સફેદ બરફની ચાદરમાં ટ્રેન પણ ઢંકાય ગઈ છે અને ટ્રેનના પાટા પણ. જમ્મુ કાશ્મીરનો આવો નજારો ક્યારેક જ જોવા મળે છે.. પહાડોના દ્રશ્યો એવા છે જાણે બરફની દિવાલ ચણાય ગઈ હોય.. બરફવર્ષાથી બચવા માટે સહેલાણીઓ છત્રીનો સહારો લઈ રહ્યા છે.. ખારી રેલવે સ્ટેશન પર હાલ માત્રને માત્ર બરફ સિવાય

બરફ વર્ષાને કારણે પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે, જે વિશેષ કરીને સ્કીઇંગ માટે પહોંચી રહ્યાં છે

બીજું કશું નથી.. જમ્મુ કાશ્મીરમાં સતત ત્રણ દિવસની બરફવર્ષા બાદ આ સ્થિતિ જોવા મળી છે.. લોકો સેલ્ફી લઈ રહ્યા છે, કુદરતના આ અદભૂત સુખનો આનંદ માણી રહ્યા છે.

આના એક દિવસ પહેલાં રાજયના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે.. આ દ્રશ્યો જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના છે.. બરફવર્ષાના કારણે માહોલ જ બદલાય ગયો છે.. બરફવર્ષાથી જાણે ધરતીએ સફેદ ચાદર ઓઢી લીધી હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.. ઘરની છત પર પણ બરફની ચાદર પથરાય ગઈ છે.. એવું લાગી રહ્યું છેકે, આ ભારતના નહીં પરંતુ યુરોપના કોઈ દેશના દ્રશ્યો હોય..

દેશના પ્રથમ રાજય જમ્મુ કાશ્મીરની આ પરિસ્થિતિ છે. જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં છેલ્લા બે દિવસથી વરસાદ પડ્યો છે જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે.. હકીકતમાં જમ્મુ કાશ્મીર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં એક્ટિવ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર દેખાઈ રહી છે. હવામાન વિભાગનું કહેવું છેકે, આગામી બે દિવસ સુધી આ પરિસ્થિતિ યથાવત્ રહેશે.. શ્રીનગરના કેટલાક વિસ્તારોમાં તો બરફવર્ષા અને વરસાદ સાથે પડી હતી.. વરસાદના કારણે શ્રીનગરના રાજમાર્ગો ભીના થઈ ગયા હતા.

ગુજરાત કેડરના પુર્વ IPS અધિકારી રાકેશ અસ્થાના સામેની ફરિયાદ સુપ્રીમે પણ ફગાવી

નવી દિલ્હી:

ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી તથા સીબીઆઈના પુર્વ ડિરેક્ટર રાકેશ અસ્થાના સામે ભ્રષ્ટાચારનો કેસ હાઈકોર્ટ બાદ સુપ્રીમ કોર્ટે પણ રદ કરતા અસ્થાનાને મોટી રાહત મળી છે. તેઓ સામે ૨૦૧૯માં ફરિયાદ નોંધાઈ હતી પણ કોઈ કાર્યવાહી ભાગ્યે જ થઈ હતી. તેમની સામે ચંદીગઢના એક ડો. મોહિત ધવને કરેલી ફરિયાદમાં અસ્થાના પર ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા હતા અને તે ફરિયાદ કેન્દ્રીય વિજીલન્સ પંચ તથા સીબીઆઈને પણ મોકલાઈ હતી. તેઓએ બળજબરીથી ખંડણી વસુલવા તથા અત્યાચાર અને દસ્તાવેજો સાથે ચેડા કરવાનો આરોપ હતો. જો કે દિલ્હી હાઈકોર્ટમાં આ અરજી પર બે ન્યાયમૂર્તિએ પોતાને અલગ કરી લીધા હતા તે રસપ્રદ બાબત છે. બાદમાં ૧૫ ફેબ્રુ. ૨૦૨૧ના દિલ્હી હાઈકોર્ટે આ અરજી ફગાવી હતી. જેની સામે ડોકટર ધવન સુપ્રીમ પહોંચ્યા હતા. જેમાં પણ ન્યાયમૂર્તિ સુધાંશુ ધુલીયાની ખંડપીઠે બંધારણની કલમ ૧૩૬ મુજબ વિચારણાને યોગ્ય નહી હોવાનું જણાવીને તે રદ કરી હતી.

ચંદીગઢના તબીબે ખંડણી-અત્યાચારની ૨૦૧૯માં કરેલી ફરિયાદમાં કોઈ તથ્ય નથી: સુપ્રીમ કોર્ટ

એઆઈ ભાષાના મોડલની ઝલક રજૂ

દેશનું પહેલું એઆઈ મોડલ ‘હનુમાન’ માર્ચમાં લોન્ચ થશે

મુંબઈ, તા.૨૧

મુકેશ અંબાણીની માલિકીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ભારતની ટોચની એન્જિનિયરિંગ કોલેજો દ્વારા સમર્થિત એક ગ્રુપ આગામી મહિને પોતાની પ્રથમ ચેટજીપીટીજેવી એઆઈસેવા શરૂ કરશે. ભારતજીપીટીગ્રૂપનું સમર્થન કરનારાઓમાં ભારતની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ અને આઠ સંલગ્ન યુનિવર્સિટીઓની એક શાખા સામેલ છે. ગ્રુપ દ્વારા મુંબઈમાં એક ટેક્નોલોજી કોન્ફરન્સ દરમિયાન તેના મોટા એઆઈભાષાના મોડલની ઝલક રજૂ કરી હતી. આ દરમિયાન એક બાઈક મિકેનિકને એઆઈમોડલ સાથે તમિલમાં સવાલ પૂછતો બતાવવામાં આવ્યો હતો જ્યારે એક બેંકરને એઆઈ બોટ સાથે હિન્દીમાં વાત કરતો બતાવવામાં આવ્યો હતો. આ સાથે જ એક ડેવલપરે એઆઈમોડલની મદદથી કોમ્પ્યુટર કોડ પણ લખ્યો હતો. રિલાયન્સની મદદથી બનાવવામાં આવેલા આ એઆઈમોડલનું નામ ’હનુમાન’ રાખવામાં આવ્યું છે. આ એઆઈમોડલ ૧૧ સ્થાનિક ભાષાઓમાં કામ કરવા સક્ષમ હશે. હનુમાન એઆઈમોડલ શાસન, આરોગ્ય, શિક્ષણ અને નાણાકીય સેવાઓ જેવા ચાર મહત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રાથમિકતામાં રાખીને પોતાની સેવા આપશે. જો આ મોડલ સફળ થશે તો તે એઆઈટેક્નોલોજી વિકસાવવાની રેસમાં ભારતનો માર્ગ મોકળો કરશે.

વિદેશોમાં પણ ડિજિટલ પેમેન્ટ કરી શકાશે

નવી દિલ્હી, તા.૨૧

વિદેશમાં પેમેન્ટ માટે ડિજિટલ રૂપિયાના ઉપયોગ બાબતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાણકારી આપી છે. હવે બીઆઈએસએટલે કે બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સની આગેવાની હેઠળના પ્રોજેક્ટ ડનબરના ઉપયોગ વડે ડિજિટલ રૂપિયાનો ઉપયોગ ગ્લોબલ પેમેન્ટ માટે કરવો શક્ય બનશે. આરબીઆઈ દ્વારા આ ડિજિટલ કરન્સી વિકસાવવામાં આવી છે.

ગયા અઠવાડિયે મુંબઈમાં યોજાયેલી દક્ષિણ એશિયાઈ દેશોના ગવર્નરોની બેઠકમાં આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગ્લોબલ ટ્રાન્ઝેક્શન ડિજિટલ રૂપિયાથી સરળતાથી થઇ શકે છે. આ માટે ભારત સહિતના ઘણા અન્ય દક્ષિણ એશિયાઈ દેશોની બેંકો સીબીડીસીપ્રોજેક્ટ (ક્રોસ બોર્ડર ડિજિટલ કરન્સી) પર કામ કરી રહી છે. જેમાંથી અમુક દેશમાં તો સીબીડીસીપ્રોજેક્ટનું ટ્રાયલ પણ ચાલી રહ્યું છે. ફિલિપાઇન્સના બેંગકો સેન્ટ્રલ એનજી પિલિપિનાસે ડિજિટલ ચલણ માટે ’પ્રોજેક્ટ એજિલા’, તો સિંગાપોરે ’પ્રોજેક્ટ ઉબિન’ હેઠળ ઉદ્યોગ સામેના પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કરે છે. તેમજ બેંક ઈન્ડોનેશિયા, સેન્ટ્રલ બેંક ઓફ મલેશિયા અને મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર આ પ્રોજેક્ટ ડનબર સાથે સંકળાયેલા છે.

નામ બદલેલ છે

જુનુ મારૂ નામ શેખ જાહેદા ખાતુન મોહમ્મદ ઈલ્યાસ થી બદલીને નવું નામ શેખ ઝાહેદાખાતુન મોહમ્મદ ઈલ્યાસ સરનામું : ૧૨૬૬, મોટી ગલી, હવાડા પાસે, ગોમતીપુર, અમદાવાદ

નામ બદલેલ છે

જુનુ મારૂ નામ ખોખર શહેનાજબી મોહમ્મદ આરીફ થી બદલીને નવું નામ ખોખર શહેનાજબાનો આરીફ સરનામું : ૮૧/૩૩૬ (ગુ.હા.બોર્ડ) રખિયાલ રોડ, બાપુનગર, અમદાવાદ

નામ બદલેલ છે

જુનુ મારૂ નામ ખોખર મોહમ્મદઆરિફ જુમ્માખાન થી બદલીને નવું નામ ખોખર આરિફ જુમ્માખાન સરનામું : ૮૧/૩૩૬ (ગુ.હા.બોર્ડ) મોમીન મસ્જીદ પાસે, અમદાવાદ

નામ બદલેલ છે

મે મારુ જુનુ નામ પટેલ બાબુલાલ વિઠ્ઠલદાસ હતુ તે બદલીને નવું નામ પટેલ બાબુભાઈ વિઠ્ઠલદાસ રાખેલ છે. ૪, ચાણસ્મા સોસાયટી વિભાગ-૧, ઈન બલોલનગર, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

નામ બદલેલ છે

આથી મારૂં જૂનુ નામ પરમાર રાજેશ મગનલાલ હતુ તે બદલીને નવું નામ પરમાર રાજેશકુમાર મગનભાઈ કરેલ છે. સરનામું : ૨૯૯૦/એ-બી કીશ્ચયન સોસાયટી, મ્યુ.બાગ સામે, મહેમદાબાદ, ખેડા-૩૮૭૧૩૦

નામ બદલેલ છે

આથી મારૂં જૂનુ નામ પરમાર પલ્લવીબેન રાજેશ હતુ તે બદલીને નવું નામ પરમાર પલ્લવીબેન રાજેશકુમાર કરેલ છે. સરનામું : ૨૯૯૦/એ-બી કીશ્ચયન સોસાયટી, મ્યુ.બાગ સામે, મહેમદાબાદ, ખેડા-૩૮૭૧૩૦

મેં મારું નામ બદલેલ છે

મેં (જુનું નામ) નીરુ નરેન્દ્ર પટેલ થી બદલી ને (નવું નામ) નીરુબેન નરેન્દ્રભાઈ પટેલ રાખેલ છે.

સરનામું : ધ્યાનમ્, સંતુર બંગલો પાસે, શિવાલિક ગ્રીનની પાસે, ઓફ ઇસ્કોન-આંબલી રોડ, આંબલી, અમદાવાદ-380058.

જાહેર નોટીસ

આથી અમો શ્રી રાજેશકુમાર વિનોદભાઈ વાળંદ, મુખ્ય પ્રયોજક, સુચિત શ્રી લિમ્બચ કો-ઓપરેટીવ કેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. અમદાવાદ. રહેવાસી-ઠે. ડી/૩, સુર્યાપાર્ક સોસાયટી, નવયુગ હાઈસ્કૂલ પાછળ, નરોડા, અમદાવાદ. આ જાહેર નોટીસથી જણાવીએ છીએ કે, અમો અમારી ઉક્ત સુચિત કેડિટ સોસાયટીની નોંધણી સમગ્ર અમદાવાદ શહેરના કાર્ય વિસ્તાર માટે કરાવવા માંગીએ છીએ. આ અંગે કોઈ વ્યક્તિ/ સોસાયટીને વાંધો હોય તો, દિન-૧૦માં ઉક્ત સરનામે મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા આ બાબતે આપને કોઈ વાંધો વિરોધ નથી તેમ માની આગળની રજીસ્ટેશનની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

મુખ્ય પ્રયોજક

સુચિત શ્રી લિમ્બચ કો-ઓપરેટીવ કેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી.

મુ. વસ્ત્રાલ, તા.વટવા, અમદાવાદ.

નીડો હોમ ફાઈનાન્સ લિ.

(અગાઉની એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)(નીડો)

રજિસ્ટર્ડ ઓફિસ આવેલી છે : પમ્પ માળે, ટાવર ૩, વિંગ B, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર, કિરોલ રોડ, કુર્લા (પ.) મુંબઈ- ૪૦૦૦ ૭૦. શાખા ઓફિસઃ ૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪, ૩જે માળે, થર્ડ આઈ વિઝન, શિવાલિક પ્લાઝા સામે, આઈઆઈએમ પાસે, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ઈ-હરાજી-સ્ટેચ્યુટરી ૧૫ દિવસીય વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અન્વયે ઈ-હરાજીથી વેચાણ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને દેણદાર તથા જામીનદારને વિશેષ રૂપે નોટિસ આપવાની કે નીચે વર્ણન કરેલ મિલકત 'જ્યાં છે, જેમ છે અને 'જે કાંઈ છે તે છે'ના આધારે નીચે આપેલ ટેબલમાં જણાવેલ બાકી લોનની વસુલાત સુધીની રકમની વસુલ કરવા માટે વેચાણ કરવામાં આવશે. સદર મિલકત દેણદાર(રો), સહ દેણદાર(રો) અને જામીનદાર(રો)એ લીધેલ લોન માટે મે. નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ(અગાઉ એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)ને ત્યાં ગિરવે રાખેલ છે. સિક્યોર્ડ લેણદારે નીચે જણાવેલ સિક્યોર્ડ અસ્ક્યામતનો ફિઝિકલ કબજો લીધો છે.

ક્રમ	દેણદાર(રો)/સહદેણદાર(રો)/ જામીનદાર(રો)નું નામ	વસુલ કરવાની રકમ	રિઝર્વ કિંમત અને ઈએમડી (રૂ.)	હરાજીના તારીખ અને સમય	નિરીક્ષણના તારીખ અને સમય	પ્રતીકાત્મક કબજાની તારીખ
૧	સુરેશભાઈ ત્રિભોવનભાઈ પ્રજાપતિ (દેણદાર) અને કૈલાસબહેન સુરેશભાઈ પ્રજાપતિ (સહ-દેણદાર)	રૂ.૧૩,૫૩,૦૨૨.૦૫/-(અંકે રૂપિયા તેર લાખ ત્રેપન હજાર બાવીસ અને પાંચ પૈસા પૂરા) ખાતા નં. LMEHSTH0000089751 માટે અને રૂ.૨૨,૦૬,૫૪૫.૦૬/-(અંકે રૂપિયા બાવીસ લાખ છ હજાર પાંચસો પિસ્તાલીસ અને પૈસા છ પૂરા) લોન ખાતા નં.LMEHSTT0000089745 માટે અને કુલ રકમ રૂ.૩૫,૫૯,૫૬૭.૧૧(અંકે રૂપિયા પાંત્રીસ લાખ ઓગણસાઠ હજાર પાંચસો સડસઠ અને પૈસા અગિયાર પૂરા) ૨૦.૦૨..૨૦૨૪ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	રૂ.૨૪,૫૯,૫૭૮.૬૯ /- (અંકે રૂપિયા ચોવીસ લાખ ઓગણસાઠ હજાર પાંચસો ઈઠ્ઠોતેર અને પૈસા ઓગણસિત્તેર પૂરા) અર્નેસ્ટમની ડિપોઝીટ રૂ.૨,૪૫,૯૫૮/- (અંકે રૂપિયા બે લાખ પિસ્તાલીસ હજાર નવસો અઠ્ઠાવન પૂરા)	૧૪-૦૩-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન સાથે)	૦૧-૦૩-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે	૩૧-૧૦-૨૦૨૩

સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો :

ગાગડીપટી, તા. પાટણ, જિ. પાટણ અને રજિસ્ટ્રેશન પેટા-જિલ્લો પાટણ, ગુજરાત રાજ્ય ખાતે આવેલ ફ્રિ-હોલ્ડ બિનખેત જમીન તે રે.સ. નં. ૭૭૨ પી, ધારક એરિયા માપણી ૯૯૯૯.૦૦ ચો.મી.ખાતે આવેલ શ્રી રેસિડન્સી તરીકે જાણીતી સ્કિમમાં બંધાયેલ રહેણાંક પ્લોટ તે બિનખેત જમીન રે.સ. ૭૭૨ પી, પ્લોટ નં. ૭એ, પશ્ચિમ બાજુ ૭ પી, જેનો પ્લોટ એરિયા માપણી ૭૬.૬૫ ચો.મી.અને સદર જમીન માપણી ૩૯.૫૪ ચો.મી.અવિભાજિત હિસ્સો છે તેના તમામ હક્કહિસ્સા.જેની સીમાઓ નીચે મુજબ છેઃ ઉત્તરઃ પ્લોટ નં. ૬પીની ખુલ્લી જમીન પૂર્વ તરફ અને પ્લોટ નં.૭, દક્ષિણેઃ પ્લોટ નં.૮પીની ખુલ્લી જમીન પશ્ચિમ તરફ અને પ્લોટ નં.૮/એ, પૂર્વેઃ પ્લોટ નં. ૭ની ખુલ્લી જમીન પશ્ચિમ તરફ અને પ્લોટ નં.૭, પશ્ચિમેઃ : રોડ.

નોંધઃ- ૧) હરાજી વેચાણ વેબસાઇટ https://sarfaesi.auctiontiger.net મારફતે ઓનલાઈન થશે અને જે બીડરો પાસે માન્ય ઈમેઈલ, આઇડી પ્રૂફ અને ફોટો પ્રૂફ, પાન કાર્ડ હશે અને ડિમાન્ડ ડ્રાફ્ટ/નેફ્ટ/આરટીજીએસ દ્વારા યોગ્ય રીતે ઈએમડીનું ચૂકવણું કર્યું હશે તે જ આ ''ઓનલાઈન ઈ-હરાજી''માં ભાગ લઈ શકશે.

૨) ઇચ્છુક બીડરોએ તેમના ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ/નેફ્ટ/આરટીજીએસ દ્વારા લાભાર્થીનું નામઃ નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડને જમા કરાવવાના રહેશે. બેંકઃ સ્ટેટ બેંક ઓફ ઈંડિયા, ખાતા નં. ૬૫૨૨૬૮૪૫૧૯૯, સરફૈસી-હરાજી, એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ આઈએફએસસી કોડઃ SBIN0001593.

૩) ઈએમડી સાથે ઓનલાઈન અરજી બીડ ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૩-૦૩-૨૦૨૪ છે.

૪) વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે ઈએઆરસીની વેબસાઇટ એટલે કે https://sarfaesi.auctiontiger.net જુઓ અથવા શ્રી મૌલિક શ્રીમાળીનો ફોન +૯૧-૬૩૫૧૮૯૬૬૪૩/૯૧૭૩૫૨૮૭૨૭, હેલ્પલાઈન ઈ-મેઈલ આઈડી Support@auctiontiger.net પર સંપર્ક કરવો.

મોબાઈલ નં.: ૭૨૦૮૯૩૪૪૬૧

તારીખઃ ૨૨.૦૨.૨૦૨૪

સહી/- અધિકૃત અધિકારી

વતી નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ

(અગાઉ એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીની)

ઓમકારા એસેટ રીકન્સ્ટ્રકસન પ્રાઈવેટ લીમીટેડ

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

CIN: U67100TZ2014PTCO20363

કોર્પોરેટ ઓફીસઃ કોહિનૂર સ્કવેર, ૪૭મો માળ, એન.સી.કેળકર માર્ગ, આર.જી.ગડકરી ચોક, દાદર (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૨૮.

ઈમેઈલઃ rajesh.jumani@omkaraarc.com/zuber.khan@omkaraarc.com અધિકૃત અધિકારી એમ. નં. ૯૧૮૬૫૭૯૬૯૨૩૩/ ૯૧૮૬૫૭૯૬૯૨૩૧

(પરિશિષ્ટ – ૪-એ)

(૯(૧) સાથે વંચાણે લેવામાં આવતા નિયમ ૮(૬)ની જોગવાઈ જુઓ)

સ્થાવર મિલકતની ઈ-હરરાજી માટે જાહેર નોટીસ

સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૯(૧) સાથે વંચાણે લેવામાં આવતા નિયમ ૮(૬)ની જોગવાઈ સાથે વંચાણે લેવામાં આવતા સિક્યુરાઈટેઝેશન એન્ડ રિકન્સટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (''સરફેસી એક્ટ'') હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરરાજી નોટીસ

સામાન્ય રીતે જનતાને અને વિશિષ્ટ રૂપે કરજદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે સીક્યોર્ડ કેડીટરને મોર્ટગેજ/ચાર્જ કરવામાં આવેલી નિમ્નવર્ણિત સ્થાવર મિલકત કે જેનો કબ્જો ઓમકારા એસેટ રીકન્સ્ટ્રકસન પ્રાઈવેટ લીમીટેડ (ઓએઆરપીએલ)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવેલ છે. ઉપરાંત, (ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટનાં ટ્રસ્ટીની હેસિયતથી કાર્ય કરતા) ઓમકારા એસેટ રીકન્સ્ટ્રકસન પ્રાઈવેટ લીમીટેડ (ઓએઆરપીએલ)એ એસાઈનર બેંક પાસેથી આંતરનિહિત સીક્યુરીટીઝ સાથે ઈન્ડસઈન્ડ બેંક લી. (એસાઈનર બેંક) પાસેથી નિમ્ન ખાતાના સમગ્ર બાકી લેના કરજો સંપાદિત કરેલ છે. તદનુસાર ઓએઆરપીએલએ એસાઈનર બેંકની ભૂમિકામાં પ્રવેશ કરેલ છે અને સીક્યુરિટીનું વેચાણ કરવા અને બાકી લેણાની વસૂલાત કરવા સત્તાપ્રાપ્ત કરેલ છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીએ કરજદાર/જામીનદાર/સહ-કરજદાર પાસેથી નિમ્નલિખિત મ્નિલકતનો ભૌતિક કબજો સંભાળી લીધો છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારી આથી બાકી લેણાની વસૂલાત કરવા માટે નિમ્નલિખિત સીક્યોર્ડ મિલકતનું વેચાણ કરવા માંગે છે અને તેથી સીક્યોર્ડ મિલકતની ખરીદી માટે મહોરબંધ કવરમાં ટેન્ડર/બીડ મંગાવે છે. સરફેસી એક્ટની કલમ૧૩(૨) અને (૪)ની જોગવાઈઓ હેઠળના અધિકારો અને સત્તાનો અમલ કરતાં, નીઓચે દર્શાવેલ કરજદારો/સહ-કરજદારો પાસેથી સીક્યોર્ડ કેડીટર તરીકે ઓએઆરપીએલના લેણાની સંબંધિત કોલમમાં દર્શાવેલી રકમની વસૂલાત માટે આ મિલકતનું ''જેમ છે તેમ'', ''જે છે તે'' અને જે કઈ છે તે'' ધોરણે વેચાણ કરવામાં આવશે. કરજદાર(રો)/જામીનદાર(રો)/મોર્ટગેજરો, સીક્યુરિટીઝ, માલિક, બાકી લીના, કલમ ૧૩(૨) હેઠળ ડીમાંડ નોટીસ મોકલ્યાની તારીખ, કબજાની તારીખ, અનામત કિંમત, બીડ ઈજાફાની રકમ, અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી), નિરીક્ષણની તારીખની વિગતો અહીં નીચે આપવામ આવેલ છે.

ક્રમ	કરજદાર(રો)/ જામીનદારો/ મોર્ટગેજરના નામ	સીક્યોર્ડ મિલકતની વિગતો	મિલકતના માલિક	૦૮.૦૨.૨૦૨૪ના રોજ બાકી લેણા (રૂ.માં)	ડીમાંડ નોટીસની તારીખ	કબજાની તારીખ	અનામત કિંમત (રૂ.માં)	બીડ ઈજાફાની રકમ	ઈએમડી (રૂ.માં)	નિરીક્ષણની તારીખ અને સમય
૧	શ્રી તૃપેશ શાહ (કરજદાર/ મોર્ટગેજર) શ્રીમતી બિંદીબેન તૃપેશકુમાર શાહ (સહ-કરજદાર)	મોજેઃ બોડકદેવ, તાલુકાઃ ઘાટલોડીયા જિલ્લોઃ અમદાવાદના સર્વે નં. ૪૦૩ પૈકીનાં ટી.પી.મનન. ૧/બીના એફ.પી.નં. ૬૭૪ના સબ પ્લોટ નં. ૧૬૫ ખાતે આવેલ ''૧૬૫ ડ્રવેલીંગ'' તરીકે ઓળખાતી યોજનામાં ૧લા માળે ફ્લેટ નં. ૧૦૧ની સ્થાવર બાંધકામ કરેલી મિલકત, ક્ષેત્રફલ ૧૮૦૦ ચો.ફૂ. (એસબીયુએ) પશ્ચિમઃ ફલેટ નં. ૧૦૨, પૂર્વઃ એસપી નં. ૧૪૩ ઉત્તરઃ એસ પી નં. ૧૬૬, દક્ષિણઃ એસ પી નં. ૧૬૪.	શ્રી તૃપેશ શાહ	રૂ. ૧,૦૩,૦૪,૨૦૭.૨૭ (રૂ. એક કરોડ, ત્રણ લાખ, ચાર હજાર, બસો સાત અને પૈસા ૨૭ ફક્ત)	૧૪.૧૦.૨૦૨૧	૧૫.૦૭.૨૦૨૩	રૂ. ૯૨,૦૦,